वर्ष : १७ सने : २०२१ सं.२०७७
अंक : ७, સળંગ અંક-१०३ पोष -जनवरी

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૭ સને ૨૦૨૧ સં.૨૦૭૭
અંક : ૭ પોષ જાન્યુ. સળંગ અંક-૧૦૩

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**


**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(M) 9824252978


**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ વિશ્વમાં અજોડ જૈન શિલ્પ - ૧
★ જગતપિતા જગડૂશા
★ પત્રપ્રેરણા
★ વાંચનમાંથી વીણેલું
★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**मैत्री परहिते चिन्ता,**
**परार्तिच्छेदधीः कृपा ।**
**मुदिता सद्‌गणे तुष्टि-**
**र्माध्यस्थ्यं पाप्युपेक्षणम् ।।**

બીજાના હિતની ચિંતા તે મૈત્રી, અન્યના દુઃખ દૂર કરવાની બુદ્ધિ કરુણા, પરના સદ્‌ગુણ પ્રત્યે આનંદ તે મુદિતા (પ્રમોદ) અને પાપીજીવોની ઉપેક્ષા તે માધ્યસ્થ્ય ભાવના છે.

હે આત્મન્ ! તમામ જીવો સાથે મિત્રતાની જ કલ્પના કર. જગતમાં મારો કોઈ શત્રુ નથી - એમ વિચાર. થોડા દિવસના જીવનમાં આ મારો વૈરી છે, એવી બુદ્ધિથી શા માટે ખેદ પામે છે ?



# ★ વિશ્વમાં અજોડ જૈન શિલ્પ - ૧ ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

જૈનધર્મ અનેક વિષયોનો જ્ઞાન ખજાનો ધરાવે છે. એમાં શિલ્પના વિષયમાં પણ અદ્‌ભુત - સમૃદ્ધ ખજાનો જૈનો પાસે છે. એ શાસ્ત્રરૂપે પણ છે અને શિલ્પસ્વરૂપે પણ છે. શિલ્પસ્વરૂપે મતલબ દુનિયાને આશ્ચર્યમાં મૂકી દે તેવાં, બેજોડ, શિલ્પકલાથી સમૃદ્ધ જિનાલયો, દેલકુલિકાઓ, ઝરુખાઓ, મંડોવરો વગેરે આજે પ્રાચીન - અર્વાચીન ઘણાં વિદ્યમાન છે. ભૂતકાળમાં ઘણા ભાગ્યશાળીઓએ ધનનો સદ્‌વ્યય કરી, બુદ્ધિનો સદુપયોગ કરી, શિલ્પના વિવિધ ગ્રંથોનો આધાર લઈ જિનાલયાદિનાં નિર્માણ કર્યાં છે, જે આજે પણ ઐતિહાસિક ગણાય છે. અજૈનોને પ્રભુની ઓળખ ન હોવાથી આબુની કોતરણીમાં મોહિત થાય, આકર્ષાય અને બે મોંઢે વખાણ કરે તે સ્વાભાવિક છે. જૈનો માટે તો પ્રાણ - હૃદય જિનપ્રતિમાઃ ભગવાન છે. જિનાલયની કિંમત તો દેહની જગ્યાએ છે. આત્મા તો ભગવાન છે. જિનપ્રતિમા પણ વિશિષ્ટ શિલ્પ છે. એના નિર્માણ વગેરેનું પણ વિશિષ્ટ વિધાન છે.

જૈનસંઘોમાં દેવદ્રવ્યની આવક ઘણી થાય છે. તે બીજી કોઈ જગ્યાએ ન જ વપરાય.... પણ અજ્ઞાનતાદિ કેટલાક દોષોના કારણે દેવદ્રવ્યનો દુરુપયોગ પણ મોટા પ્રમાણમાં થતો જણાય છે. બિનજરૂરી પ્રોજેક્ટો પણ ઘણા ઊભા થાય છે. જરૂરી જીર્ણોદ્ધારાદિનાં કાર્યો સિદાય છે. સોમપુરાઓ પણ રીતસર લૂંટે છે ! જિનાલયનિર્માણનું અજ્ઞાન, પત્થરની જાત - ભાવતાલની જાણકારીનો અભાવ, શિલ્પના વિષયમાં યોગ્યતા - અયોગ્યતા સુધી પહોંચવાની ફુરસદનો અભાવ, ઉપેક્ષા,સોમપુરા પરનો આંધળો વિશ્વાસ, કામ ઉપર દેખરેખનો અભાવ, પોતાના સંઘ વગેરેના પૈસા બહાર ન આપવાની વૃત્તિ, આડેધડ નકશીકામ, ચાંદીનાં પૂંઠિયાં વગેરે બનાવવાના યોગે ઊભા થતા દોષોની જાણકારી ન હોવાથી બેફામ દુરુપયોગ થતો જોવા મળે છે.

આવા ઘણા વિષયોના પ્રશ્નો પણ મારી પાસે આવે છે. તે ઉપરાંત ૨૦૦ ઉપર જિનાલયોનાં માર્ગદર્શન આપવામાં થયેલા કડવા - મીઠા અનુભવોના આધારે આ એક વિભાગ 'ધર્મદૂત' માં ચાલુ કરવાનો મનોરથ ઊભો થયો. કેટલાક પદાર્થોને લખાણરૂપે તો કેટલાક વિષયોને પ્રશ્નોત્તર રૂપે અહીં સ્થાન અપાશે.

આ વિષયમાં જૈનોએ - જૈન સંઘોએ જાગ્રત થવાની જરૂર છે. જો આ વિષયનું થોડું જ્ઞાન મેળવે, જાણકારી લે, અનુભવ પ્રાપ્ત કરે તો પ્રત્યેક વર્ષે દેવદ્રવ્યાદિના કરોડો રૂપિયા બચે, જેમ બૂફેના જમણ વગેરેમાં સો માણસે ૧૦-૨૦ જણ જમીલે તેટલો બગાડ થાય છે. તેમ જિનાલયોનાં નિર્માણમાં ૪-૬ સુંદર જિનાલયો બંધાઈ જાય તેટલો વધારાનો પૈસો દરવર્ષે વપરાતો હશે !

સોમપુરા આટલા રૂપિયા પડાવ્યા પછી પણ શાસ્ત્રીય રીતે કાર્ય કરતા નથી. સાચી સલાહ પણ આપતા નથી. મોટી મોટી ભૂલો કરી બેસે છે, જેનો ભોગ જૈનો - જૈનસંઘો બને છે. મકાનની દીવાલોની જેમ આડેધડ જિનાલયો ઊભાં થઈ રહ્યાં છે. (આમાં જિનાલયો ઊભાં થાય તેની ટીકા નથી. પદ્ધતિનો વિરોધ છે. શિલ્પમાં પૂરું ધ્યાન નથી આવતું તેનું દુઃખ છે) જિનાલયનાં એક એક અંગ ગણાતાં કર્ણપીઠ, ખડસલ, થાંભલા, કુંભી, કાંટાસરા, ભેટાસરા - ઠેકી - પાટ - કેવાલ - દાબડી - છજુ - મંડોવર - શિખર - શિખરીઓ - શુકનાસ, ઘુમ્મટ, ચોકી - શામરણ - પબાસણ - તોરણ - જગતી - ભમતી - મંગલમૂર્તિ, તેના ગોખલા વગેરે બાબતો આવે છે. તેમાં નીતિ-નિયમો કેટલા સચવાય છે ? માપ વગેરે કેટલાં વ્યવસ્થિત લેવાતાં હશે ? કેટલી ચોકસાઈ રખાતી હશે ? આ બધા પ્રશ્નો ઊભા થાય છે. ભગવાનના નક્ષત્ર - રાશિ વગેરે પ્રમાણે દિશા જળવાય છે કે કેમ ? તે અંગે આંખ આડા કાન થતા હોય તેવું જણાય છે. મૂળનાયકની આજુ-બાજુના ભગવાન કયા લેવાય ? કયા ન લેવાય ? તેનો ખ્યાલ પણ ઘણે ઠેકાણે રખાતો નથી. દૃષ્ટિ મેળવવામાં પણ ગરબડો થાય છે. એને કારણે પાછળ ઘણી તકલીફો ઊભી થાય છે. સંઘમાં ઝઘડા થાય છે. સમાધાન થઈ શકતાં નથી ! પરસ્પર વૈર - વૈનસ્ય ઊભાં થાય છે.

શિલ્પમાં થયેલી ભૂલો, વિધિમાં થયેલી ગરબડો, મુહૂર્તમાં યોગ્ય સમય ન સચવાતાં આવતાં દુષ્પરિણામો આજે ઢગલાબંધ સંઘો-પરિવારો ભોગવે છે.

શિલ્પના વિષયની વાત કરીએ તો જમીનની વિચારણા સૌ પ્રથમ કરવી પડે. જમીનનો આકાર કેવો છે ? માટી કેવી છે ? પ્લોટ જાગતો છે કે ઊંઘતો ? આજની વાસ્તુની ભાષામાં કહીએ તો પોઝિટીવ્હ વાયબ્રેશન્સ છે કે નેગેટીવ્હ ? એ પ્લોટ - જમીનનો ઢાળ કઈ તરફ છે ? એની પરીક્ષા કરવા માટેના કેટલાંક શાસ્ત્રીય વિધાનો છે. શુકન - અપશુકન પણ જોવાય છે. એ જમીન પર કેવાં પ્રકારનાં વૃક્ષો-છોડ વગેરે ઊગે છે ? જમીનમાં શલ્ય છે કે નહિ ? આ બધી તપાસ વ્યવસ્થિત થવી જોઈએ. સાથે પ્લોટનું પ્રવેશદ્વાર કઈ દિશામાં છે ? રાજમાર્ગ કઈ દિશામાં છે ? તે પણ તપાસવું જોઈએ. આ બધું વિચારીને આગળ વધવું. અલબત્ત, કેટલાંક પરિબળો નેગેટીવ્હ હોય તો પાછળથી વિધિ કરાવીને પોઝિટીવ્હ કરી શકાય છે. પરંતુ કેટલાક દોષો એવા છે કે - એની શુદ્ધિ થઈ શકતી નથી. જેની શુદ્ધિ શક્ય ન હોય તે જમીન છોડી દેવી જોઈએ. તેના પર કોઈ પણ વાસ્તુ ઊભું ન કરવું. કારણ, એના માઠાં પરિણામો ભોગવવાં પડે છે.

વિધિ - વિધાનની વાત વિચારીએ તો ભૂમિપૂજન, ભૂમિગ્રહણ, ભૂમિખનનઃ આ પ્રથમ ચરણ છે. ત્યારબાદ શલ્યોદ્ધાર વિધાન કરી શિલાન્યાસ વગેરે કરવાં જોઈએ. ભૂમિખનન માટે યોગ્ય મુહૂર્ત જોવું જરૂરી છે. તેમાં ખાસ કરીને વૃષચક્ર,



ભૂમિની સુપ્તાદિ અવસ્થાનો વિચાર કરવો જરૂરી છે. એમાં વાસ્તુ પુરુષની સ્થિતિ જોવાય છે. કારણ વાસ્તુ પુરુષની સ્થિતિ કાયમ એક જ રહેતી નથી. સંક્રાંતિ વગેરે પ્રમાણે એમાં પરિવર્તન થાય છે.

ખનન (ખાતમુહૂર્ત) કરતાં પૂર્વે તે ભૂમિની અનુમતિ લેવી, તેને સરસવથી વધાવવી....વગેરે વિધાન મહત્ત્વનાં છે. એ સમયના મુહૂર્તમાં ગરબડ ન થવી જોઈએ. જમીનનું ખનન કરતાં પૂર્વે ભૂમિગ્રહણનું વિધાન થાય છે. તે માટે અર્ઘ્ય આપીને ભૂમિને સંતૃપ્ત કરાય છે. તેને જ ભૂમિપૂજન કહેવાય છે. તે પૂર્વે ભૂમિ ગ્રહણના વિધાનમાં સ્નાત્ર પૂજાથી લઈ જમીનની સીમા નક્કી કરાય છે. તે માટે સૌભાગ્યવતી (સુહાગણ) સ્ત્રી અથવા કુંવારી કન્યા પાસે કુંભનું વિધાન કરાવી, દરેક ખૂણે બે - બે લાકડાની ખીલીઓ લગાવી, દોરી બાંધીને ભૂમિગ્રહણ કરાય છે. આ વિધાનમાં વાસ્તુ પુરુષની પૂજા કરવી જોઈએ. દશ દિક્પાલને બાકળા આપવા જોઈએ. હાલ કેટલાક વિધિકારકો નવગ્રહાદિ ત્રણે પાટલાનું સંક્ષેપમાં પૂજન કરાવે છે, પરંતુ તે જરૂરી જણાતું નથી. ખનન કરતાં પૂર્વે સ્નાત્રજળ ભૂમિ પર છાંટવું જરૂરી છે. તેનાથી અશુભ તત્ત્વો એ જમીનમાં હોય તો ચાલ્યાં જાય છે. એ માટે 'અપક્રામંતુ ભૂતાનિ' વગેરે શ્લોકનું ઉચ્ચારણ કરાય છે.

ખનન મુહૂર્ત ને સંલગ્ન આ ત્રણે વિધાન થયા પછી શલ્યોદ્ધાર માટેનું વિધાન કરવું જોઈએ. તે માટે કેટલીક રીતો મળે છે. વિશેષ જાણકાર કે જાણકારી ન હોય તો જૈન ઠક્કર કેરુ રચિત વાસ્તુસાર ગ્રંથમાં બતાવેલ પદ્ધતિથી શલ્ય શોધન કરવું જોઈએ. તેમાં નવ ખાનાની કલ્પના કરી, મંત્રના વિધાનપૂર્વક અક્ષર બોલાવડાવવો. તે નવ ખાનાના નિયત અક્ષરમાંથી કોઈ અક્ષર આવે તો તે તે ખાનામાં શલ્ય ક્યાં છે ? કોનું છે ? તે જાણીને તેનો ઉદ્ધાર કરવો જોઈએ. શલ્ય ન કાઢવામાં આવે, વાસ્તુમાં રહી જાય તો નિવાસ કરનારને યા માલિક વગેરેને નુકશાન થાય છે. મૃત્યુ સુધીની પીડા પણ થઈ શકે છે. તેથી ઉન્નતિ ઈચ્છનાર ભાગ્યશાળીએ અવશ્ય શલ્યશોધન અને શલ્યોદ્ધાર કરવાં જોઈએ.

જિનાલયના નિર્માણમાં બીજા ચરણમાં શિલાસ્થાપન થાય છે. તે માટે જરૂર પડે તો જિનાલયની તમામ ભૂમિ અથવા કમસે કમ ગર્ભગૃહની જમીન; પાણી - ખડક ન આવે ત્યાં સુધી ખોદીને શુદ્ધ કરવી જોઈએ. ગૃહ-જિનાલય હોય તોય ઓછામાં ઓછી ૬ ફૂટ જમીનની શુદ્ધિ કરવી જોઈએ. મતલબ, ૬ ફૂટનો ખાડો કરી (જો શુદ્ધ માટી ન આવે - કચરો / શલ્ય જણાય તો વધારે ઊંડા જઈને) ભૂમિની શુદ્ધિ તપાસવી જોઈએ. શરીરનું શલ્ય જેમ શાંતિથી જીવવા ન દે, તેમ જમીનનું શલ્ય પણ અશાંતિ, નુકશાન, મૃત્યુ વગેરે કરાવે છે. શિલાસ્થાપન એ મંદિરના પાયાની પ્રથમ ઈંટ છે. તે માટે પાયાના વિષયમાં ખૂબ કાળજી રાખવી જોઈએ.

શિલ્પ પણ આખરે તો વાસ્તુના પાયા પર જ ઊભું છે, તે ન ભૂલવું. વાસ્તુ અને શિલ્પનો સુમેળ જરૂરી છે.

જિનાલયનું શિલ્પ મોટે ભાગે શાશ્વત જિનાલયસ્વરૂપ દેવવિમાનને મળતું આવે છે. એવું જીવાજીવાભિગમ સૂત્રનું અધ્યયન - અધ્યાપન કરતાં સ્પષ્ટ સમજાયું છે. તેથી તે જિનાલયના શિલ્પમાં દોષ ન થવા-રહેવા જોઈએ. શિલ્પ શાસ્ત્ર કોઈ મનઘડંત રચાયેલું નથી. એની પાછળ વિજ્ઞાન પણ છે. કાર્ય - કારણ અને હેતુ-હેતુ- મદ્ભાવ પણ છે. આમેય જૈનધર્મની તમામ વાતોમાં વિજ્ઞાન સમાયેલું જ છે, માત્ર એને જાણવા - ઓળખવા માટે બુદ્ધિ વગેરેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ.

**(ક્રમશઃ) ધ**

## ★ જગતપિતા જગડૂશા ★★★

**-પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ**

અવિચ્છિન્ન, પ્રભાવશાલી, ત્રિકાલાબાધિત શ્રી જિનશાસન અદ્ભુત - અનુપમ - લોકોત્તર - અપ્રતિમ છે. તેના જ કારણે પણ એનો પ્રભાવ સર્વત્ર અસ્ખલિતપણે જોવા - અનુભવવા મળી રહ્યો છે. પ્રકૃષ્ટપુણ્યોદય વગર આવું શાસન મળવું સંભવિત નથી. વળી, આ શાસનની નિર્મળ આરાધના ; પરમઉલ્લાસથી - ઉત્સાહથી કરનાર ભાગ્યશાળી જીવો - ભવ્ય જીવો વિરલ જ હોય છે.

દાન - શીલ - તપ - ભાવ વગેરેની આરાધના કરવા સાથે ભૂતકાલીન જીવોમાં વિશિષ્ટ અનુકંપાદાન કરવામાં ઉપદેશસાર વગેરે ગ્રંથોમાં જગડૂશા શ્રાવકનું દૃષ્ટાંત - કથાનક જણાવીને તે - તે વિષયમાં તેમની અનુમોદના કરી છે. અલબત્ત, અનુકંપાના વિષયમાં; ઉપદેશપ્રાસાદ, ચતુર્વિંશતિ પ્રબંધ, ઉપદેશતરંગિણી, પ્રબંધ ચિંતામણિ વગેરે ગ્રંથોમાં જગડૂશા સિવાયનાં પણ દૃષ્ટાંતો વર્ણવ્યાં છે.

આ બધા વચ્ચે પ્રતિકૂળ સંયોગોમાં; જ્યાં લક્ષ્મીનો રાગ અને પ્રસિદ્ધિની ઘેલછા ડાકણની જેમ વળગે એવા સમયે; લક્ષ્મીનો મોહ ઉતારી પ્રસિદ્ધિના પ્રવાહમાં તણાવાની જગ્યાએ ભયંકર દુષ્કાળના વાતાવરણમાં અનુકરણીય - અનુમોદનીય ઉદારતા વાપરી અનુકંપાદાન કર્યું તેની તુલના કરવાનું કોનું ગજું છે ? આ જગડૂશાએ પોતાની સાધારણ સ્થિતિ પણ જોઈ - અનુભવી હતી. તે સમયે ધીરજ સાથે નિર્મળભાવે ધર્મઆરાધના કરી હતી. જ્યારે ધનવાન બન્યા ત્યારે લક્ષ્મીની ચંચળતા ને ચપળતાને ધ્યાનમાં લઈ; 'ધન કરતાં ધર્મ-પુણ્ય દીર્ઘજીવી છે' એવો ખ્યાલ કરી છૂટા હાથે - ઉદારતા પૂર્વક સુપાત્રદાનાદિની સાથે અનુકંપાદાન તરફ પણ ધનનો પ્રવાહ વહેવડાવ્યો. આમાં ધર્મની સમજ સાથે સમયસૂચકતા ને વિવેક પણ હતો.

શાસ્ત્રકાર ભગવંતોએ અને શ્રીજિનેશ્વરદેવોએ ક્યાંય પણ અનુકંપાનો નિષેધ



કર્યો નથી. હા, દરેક જગ્યાએ વિવેકની હાજરી અને એનો ઉપયોગ હોવો જરૂરી છે. ઘણા બધા શબ્દોની પાછળ દાન શબ્દ લાગે છે, પરંતુ દરેકની કક્ષામાં ભિન્નતા છે - તે વાત ભૂલવા જેવી નથી. સમય સૂચકતા અને વિવેકનો ઉપયોગ કરી, જગડૂશાએ તે સમયના દુષ્કાળને ધ્યાનમાં રાખી અનુકંપાદાનને વિશેષ પ્રાધાન્યતા આપી હતી.

આ ઉદારમના, શ્રીમંત છતાં નમ્ર, શાસનના પરમાર્થને પામેલા, જિનભક્તિ - ગુરુભક્તિ - સાધર્મિકભક્તિથી છલકાતા દરિયાદિલ જગડૂશાની કેટલીક ઐતિહાસિક - બોધદાયક વિગત જાણવા જેવી છે. પ્રસિદ્ધ - અપ્રસિદ્ધ આ વાતો જાણ્યા - વાંચ્યા પછી કંઈક અચરિજ સાથે, શાસન - શાસનના વિરલ આરાધકો - આરાધકોની ગુણિયલ કાર્યવાહીની પેટ ભરીને અનુમોદના કર્યા વગર નહીં રહી શકાય. વર્તમાનકાળે કદાચ લક્ષ્મીપતિઓ પોતાનું ગર્વ-અભિમાન રાખતા હશે, તેઓને ગાલ પર તમાચો પડ્યાનો અનુભવ થશે. મળેલી લક્ષ્મીને પુણ્યલક્ષ્મી બનાવવાનો - સાર્થક કરવાનો, સદુપયોગ દ્વારા નવા પુણ્યોપાર્જન માટેનો આદર્શ અને સંદેશ મળશે. તે ઉપરાંત પણ ઘણા ગુણોના પરિચયે આપણા દોષો તરફ દૃષ્ટિ ખૂલશે; ગુણોની ઊણપ જણાતાં મેળવવાની પ્રેરણા પણ મૂકપણે મળશે - એવો આત્મવિશ્વાસ છે.

કામંદકીય નીતિસારમાં ; નીતિનાં પાંચ અંગો જણાવ્યાં છે.

**सहायाः साधनोपायाः विभागो देशकालयोः ।**
**विनिपातप्रतीकार :, सिद्धिः पचाङ्गमिष्यते ।।**

૧. મિત્રરાજાઓ ૨. કાર્ય સાધવાના ઉપાયો ૩. દેશ-કાળને અનુસરતી વ્યવસ્થા. ૪. આપત્તિને દૂર કરવાનો ઉપાય - યોજના અને ૫. કાર્યસિદ્ધિ. આ પાંચે અંગોના જાણકાર હતા જગડૂશા શેઠ-શ્રાવક.

જગડૂશાએ દુષ્કાળમાં ભિન્ન - ભિન્ન સ્થળે - ૧૧૨ દાનશાળાઓ ખોલી હતી. તેમાં રોજ લગભગ પાંચ લાખ માણસો જમતા હતા !

તે જ દુષ્કાળના વાતાવરણમાં પાટણના રાજા વિલસદેવને ૮૦૦૦ મૂડા અનાજ અપાયું હતું. તે જ રીતે સિંધના રાજા હમીરને ૧૨૦૦૦ મૂડા અનાજ આપ્યું હતું.

ગિજનીનો સુલતાન પણ જાણ થતાં જગડૂશા પાસે અનાજ લેવા આવ્યો હતો. જગડૂશાને જાણ થતાં તે સામે ગયો.

સુલતાને તેને પૂછ્યું : તું કોણ ?

હું જગડૂ : જગડૂશાએ નમ્રતા સાથે વળતો જવાબ આપ્યો.

સુલતાને કહ્યું : તું દાન આપે છે. દુષ્કાળમાં બધાને જીવાડે છે. માટે જ જગતપિતા કહેવાય છે, તે યોગ્ય જ છે.

જ્યારે યોગ્ય સમયે સુલતાને જગડૂશા પાસે અનાજ માંગ્યું, ત્યારે જગડૂશા સુલતાનને મોટા ગોડાઉનમાં લઈ ગયો. ત્યાં લખેલું બોર્ડ વાંચવામાં આવ્યું : આ અનાજ રંકો માટે છે. રંકો - ગરીબોને આપવું.

આ લખાણ વાંચતાં સુલતાને વળતાં કહ્યું : રંકો માટેનું અનાજ લેવાની મારી ભાવના નથી, માટે હું જાઉં છું. ત્યારે જગડૂશા તે સુલતાનને બીજા કોઠારમાં લઈ ગયો, તેમાંથી ૨૧૦૦૦ મૂડા અનાજ સુલતાનને આપ્યું.

એ સિવાય ઉજ્જૈનના રાજા મદનવર્માને ૧૮૦૦૦ મૂડા, દિલ્હીના રાજા મોજુદ્દીનને ૨૧૦૦૦ મૂડા, કાઠી નરેશ પ્રતાપસિંહને ૩૨૦૦૦ મૂડા, કંધાર દેશના રાજાને ૧૨૦૦૦ મૂડા અનાજ જગડૂશા દાનવીરે આપ્યું. એકંદર જગડૂશાએ ૯,૯૯,૦૦૦ મૂડા અનાજ આપ્યું હતું. ઉપરાંત યાચકોને ૧૮,૦૦,૦૦,૦૦૦ (અઢાર કરોડ) દ્રમ્મનું દાન કર્યું હતું. એક મૂડો = ૧૦૦ મણ થાય. એક દ્રમ્મ એટલે સોનાના સિક્કાનો સોળમો ભાગ.

આ જગડૂશા પંચાલદેશના ભદ્રેશ્વર ગામના વીશા શ્રીમાળી જ્ઞાતિના સોલ્હાશેઠના પુત્ર હતા. તેમના ગુણોની વાત કરીએ તો દાન - માન - વિવેક - સુવાણી (સદ્‌વચન), સુનીતિ, સાહસ, કીર્તિ-ધૈર્ય, સભ્યતા, લજ્જા, વડીલો પ્રત્યે નમ્રતા, દયા, યોગ્યતા, સદ્‌ભાવના, હિંમત વગેરે ગુણોવાળા હતા. આવા ગુણવાનના ગુણોના શ્રાવણથી કયો વિવેકી આત્મા રાજી ન થાય ?

જિનભક્તિથી રંગાયેલા, શ્રીવીતરાગના ભક્ત જગડૂશાએ ૧૦૮ નવાં જિનાલયો બનાવ્યાં હતાં.

ત્રણવાર ચતુર્વિધ સંઘ સાથે ગિરિરાજ શ્રી શત્રુંજયતીર્થની યાત્રા કરી હતી.

સિદાતા સાધર્મિક બંધુઓ ખાનદાનીને કારણે, શરમના યોગે.... દાન લેવા ન જઈ શકે તે સ્વાભાવિક છે. આવા સમયે જગડૂશા લાડવા બનાવી અંદર સોના-ચાંદીની ગીનીઓ ગોઠવી કરોડો મોદક તૈયાર કરાવી દાન દેતા. વ્યાખ્યાનાદિ પ્રસંગે તે રીતે પ્રભાવના કરતા. વિશેષ આપવા જેવું લાગે તો તેમને વધુ ગીનીઓવાળા મોદકો દેવાની સૂચના; પ્રભાવના વહેંચનાર માણસોને કરતા ! પ્રભાવનામાં કોણ ના પાડે ? આવા પ્રકારના મોદકો વગેરેને લજ્જાપિંડ પણ કહેવાય. કીર્તિની ઈચ્છા - કામના જાગે તો આવું દાન દૂષિત બને છે. પુણ્યના ટકા ઘટે છે. વળી, કીર્તિદાનથી ઊભું થયેલું પુણ્ય સંસારમાં પરિભ્રમણ વાધરનારું થાય છે. કીર્તિની કામના રાખ્યા વગર અપાતું દાન; લેનારને માટે આબરુને આંચ ન આવે, સંકોચ ન થાય એવું હોય છે. જગડૂશાની આ દાનની પદ્ધતિ-યુક્તિ; જૈનેન્દ્રશાસનને પામેલા આરાધકો માટે અદ્‌ભુત - અનુપમ પ્રેરણાદાયક છે.

લક્ષ્મીની ચંચળતા - ચપળતાને સમજનારા, ધર્મવંત, ધનવાન શ્રાવકોએ આવી પ્રેરણા લઈ, તેને અમલમાં મૂકવા જેવી છે. આ રીતે કરવાથી દાતાને



અભિમાન આવતું નથી. લેનારને શરમ - સંકોચ થતાં નથી. પોતાની આબરુને ઊણી આંચ પણ આવતી નથી. જરૂરિયાતવાળાને હાથ લાંબો કરવો પડતો નથી. પુણ્યાનુબંધી પુણ્યનાં ઉપાર્જનમાં ઊણપ આવતી નથી. સાધર્મિકભક્તિનું કર્તવ્ય સહજપણે પળાય છે. કોઈપણ સાધર્મિક સિદાતો જોવા મળતો નથી. વર્તમાનકાળે આ પદ્ધતિથી શ્રીમંત શ્રાવકો કાર્ય કરે તો ધર્મ સાથે ધર્મીની ઉન્નતિ અવશ્ય જોવા મળે.

આ ઉપરાંત જગડૂશાને ત્યાં દાન માટે એક એવી વ્યવસ્થા હતી કે - દાન દેનાર અને લેનાર : બંને વચ્ચે એક પડદો રાખવામાં આવતો. દાન લેવા માટે આ પડદામાં હાથ જઈ શકે - દાન લઈ શકે તે માટે મોટું બાકોરું રાખવામાં આવતું. દાન લેનારનો હાથ (તેના ભાગ્ય - ખાનદાનની ઓળખાણ) જોતાં જગડૂશાને ખ્યાલ આવી જતો કે દુકાળમાં ખાનદાન હોવા છતાં તેને જરૂરિયાત છે... ખાનદાનની જરૂરિયાત જણાતાં કિંમતી રત્નાદિ પણ તેને જગડૂશા આપતા...!

ભૂતકાળમાં 'દીનાર' નું ચલણ હતું. એક દીનારમાં ૩૨ રતિભાર સોનું આવતું હતું. જગડૂશા તો આવી હજારો દીનાર, સોનું-ચાંદી-રત્નો વગેરે ઘણું દાન કરતા હતા.

જગડૂશાનાં ચરિત્રો જોતાં જણાય છે કે - પૂર્વાવસ્થામાં જગડૂશા એક સામાન્ય સ્થિતિના શ્રાવક હતા. બાર વ્રતધારી હતા. ધર્મશ્રદ્ધા અતૂટ હતી. દુઃખના પ્રસંગે ક્યારેય મૂંઝાતા ન હતા. ગુરુભગવંતોના ઉપદેશથી, શાસ્ત્રોના સ્વાધ્યાય - મનનથી એમ માનતા હતા કે - દુઃખનો પ્રસંગ હંમેશા પાપરૂપી કચરાને દૂર કરનાર છે. સમતાભાવે, સહનશીલ બનીને મન - વચન - કાયાથી ધર્મ આરાધના કરવામાં જ લાભ છે, જિનશાસન અને સમ્યગ્જ્ઞાન (બોધ)ની સફળતા છે. ઢાંકેલાં (બાંધેલાં અને ઉદયમાં નહીં આવેલાં) કર્મોની પ્રાયઃ કોઈને (છદ્મસ્થને) ખબર હોતી નથી. માટે કયું કર્મ (પુણ્ય કે પાપ), કયા ક્ષેત્રમાં, કયા નિમિત્તને પામી, કયા સમયે ઉદયમાં આવી વર્તમાન સ્થિતિમાં કયો બદલાવ લાવશે, તેની જાણ થતી નથી.

**(ક્રમશઃ)** ધ

## ★ પત્રપ્રેરણા ★★★

**મૈસૂર (કર્ણાટક)**

**સં.૨૦૭૭, કા.સુ.૪**

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક શૈલેશભાઈ, ચન્દ્રકાંતભાઈ, સુ.ઈનાબેન, શાલિભદ્ર આદિ રાવ પરિવાર યોગ્ય ધર્મલાભ, દેવ-ગુરુપસાયે સુખશાતા છે. શાસનપ્રેમી - શાસન - સમુદાયના અનેક ઐતિહાસિક કાર્યોના સાક્ષી - લાભાર્થી અનેક

આચાર્યભગવંતાદિ શ્રમણ - શ્રમણી - ભગવંતોની પાલખી તૈયાર કરવામાં અતિકુશળ સુશ્રાવક અરવિંદભાઈના દેવલોક ગમનના; અણગમતા સમાચાર મળ્યા. હાલમાં તેઓ રાવ (દલાલ) પરિવારના મોભી હતા. અનેક આદર્શોને જીવનમાં જીવંત બનાવ્યા હતા. વર્ષો સુધી બિયાસણાંદિ કર્યાં હતાં. ગૃહ જિનાલય બનાવ્યું. વિદ્યાશાળાના વર્ષો સુધી ટ્રસ્ટી રહ્યા.

વડીલ મનુભાઈના ગયા પછી તેમનો ઘણો વારસો સંભાળ્યો હતો. હવે એ વારસાને આગળ વધારવા માટે ભાઈઓ - દીકરા - ભત્રીજાઓએ કમ્મર કસવાની છે. રાવ-દલાલ પરિવાર પૈસાના કારણે લોકોમાં પ્રસિદ્ધિ પામ્યો હશે, પરંતુ શાસન - સમુદાયમમાં ધર્મક્ષેત્રમાં શાસનસુભટ - શાસનસ્તંભ તરીકે પૂ.આચાર્ય ભગવંતાદિ ગુરુ - ગુરુણીના દિલ - દિમાગમાંય છવાયેલો છે.

વિ.સં. ૨૦૧૪ ના સંમેલનમાં ગામના ઘરમાંથી અને વિ.સં.૨૦૪૪ સંમેલનમાં સુ.અરવિંદભાઈ રહે છે, તે ઘરમાંથી આપણા સમુદાયે સિદ્ધાંતોની સુરક્ષા કરી છે. ૨૦૪૪ નો હું પોતે જ સાક્ષી છું. તે સમયે સુ. અરવિંદભાઈ અત્યંત સક્રિય રહ્યા હતા.

આ સિવાય પણ શાસનનો અવિહડરાગ - શાસ્ત્રનિષ્ઠા - વફાદારી - શ્રદ્ધા - વ્રતાદિમય જીવન વગેરે ઘણા ગુણો તેમનામાં જોવા મળતા. હવે આગળની પેઢીએ તથા રાવ - દલાલ પરિવારે એમની ખોટ પૂરી કરવાની છે. 'બાપ કરતાં બેટા સવાયા' એ કહેવતને ચરિતાર્થ કરવાની છે. અરવિંદભાઈ તો વ્યાપાર - ધંધા કરતાં ધર્મમાં વિશેષ સક્રિય રહ્યા હતા. એવા જ એક પુણ્યશાળીને તૈયાર કરશો. અલબત્ત, શાસનનું સંપૂર્ણ ઋણ અદા કરવાનું કાર્ય તો અતિદુષ્કર છે. છતાંય થોડો સંતોષ લઈ શકાય એ માટે કૃતસંકલ્પ બનશો.

વિશેષ પછી..... પૂરા રાવ પરિવારને ધર્મલાભ જણાવશો.

**દ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ.....**

## ★ વાંચનમાંથી વીણેલું ★★★

**- સંકલન**

આજ-કાલ માનવજાત સમસ્યાઓની વણઝાર વચ્ચે અટવાયેલી છે, એ વાત કોણ નથી જાણતું ? દિન - પ્રતિદિન સમસ્યાઓમાં વધારો જ થઈ રહ્યો છે. આ સમસ્યાઓ પેદા કરનાર માનવો જ છે, તો ચિંતા કરનાર પણ માનવો જ છે. સમસ્યાઓની સામે કેટલાક સક્રિય અને સકારાત્મક સમાધાન શોધવામાં ઘણા ચિંતકો લાગેલા છે. એ શુભચિંતકોની ચિંતા અને ચિંતનોને જો સ્વીકારવામાં આવે તો સર્જાતી પાયમાલીમાં ઘણો ઘટાડો થઈ શકે છે. આ સમસ્યાઓની યાદીમાં વ્યસન અગ્ર ક્રમાંકમાં આવી શકે તેમ છે. વ્યસનના પણ ઘણા - ઘણા પ્રકાર છે.



તમાકુ - ચરસ - ગાંજો - અફીણ - બ્રાઉનશુગર - ઈ-સીગરેટ - હુક્કા - શરાબ - શરાબની અનેક જાતો, ટી.વી., મોબાઈલ વગેરે અનેક ચીજો છે, તે ઉપરાંત પુરુષોને - યુવાનોને - કિશોરોને ઉત્તેજિત કરનાર - ઉન્માદી બનાવનાર - વિકારી બનાવનાર સ્ત્રીઓ-છોકરીઓનો ઉદ્‌ભટવેશ પણ છે. સંસ્કાર અને સંસ્કૃતિને નેવે મૂકી - અભરાઈ ઉપર ચઢાવી સ્વતંત્રતા અને સ્વચ્છંદતાના રવાડે ચઢીને જાતે પસંદ કરેલા છાકટા ગણી શકાય તેવા - વલગરતામાં ખપે તેવા વેશ પહેરીને બહાર નીકળવાનો ચાલુ થયેલો ટ્રેન્ડ ખતરનાક સાબિત થઈ રહ્યો છે. ઘરમાં પહેરીને ફરતાં શરમ આવે તેવા ઉદ્‌ભટ વેષ સાથે કિશોર અને યુવાવર્ગ મર્યાદા મૂકી બજાર રોડ - દુકાન - ઓફીસોમાં જોવા મળી રહ્યો છે.

તમાકુ - ગુટકાનાં વરવાં પરિણામો નજરે જોવા છતાં માત્ર જીભની ગુલામીના કારણે તેનો હોંશે - હોંશે ઉપયોગ કરતી જનતા નજરે જોવા મળે છે. ઘર - પરિવાર - કુટુંબ - જ્ઞાતિમાં કે અડોશ - પડોશમાં અથવા પોતાની શેરી કે પોતાનાં ગામોમાં કેન્સરથી રિબાતા ને કમોતે મરતા લોકોને જોવા છતાં આ પાગલ જેવી જાત આવા વ્યસનોથી પીછેહઠ કરવા તૈયાર નથી !

નાની - નાની ઉંમરમાં, નાદાન અવસ્થામાં જ - દેખાદેખી અથવા કુસંગતના યોગે આવી વ્યસનોની ચુંગાલમાં નવી પેઢી સપડાઈ જાય છે. પછી એ વ્યસનોની તલપ પૂરી કરવા ચોરી-લૂંટ વગેરેના નાદે લાગી જાય છે. પાપોની વણઝાર ખડી થઈ જાય છે. શરીર - બુદ્ધિ - ધન - ગુણોની લીલામી કરી બેસે છે. ક્યારેક તો વ્યસનોની ભયાનકતા સમજાવનાર તેને દુશ્મન લાગે છે, લાલબત્તી બતાવનારાં અળખામણા ભાસે છે. આવી કેટલીય વાતો ન્યુઝ પેપરમાં અવાર - નવાર ચમકે છે. જૈનધર્મના હિસાબે તો બેહદ ખરાબ કહી શકાય તેવી ચીજો પોતાના પેટમાં પધરાવે છે. શરાબનો પણ વ્યાપ જૈનોમાંય એક-યા બીજા દરવાજે વધી રહ્યો છે. વાઈન - બનાવવામાં વપરાતી ચીજોનો ચિતાર અહીં રજૂ કર્યો છે. વિવેકી બનીને વાંચજો....**સંપાદક**

**(1) हर दिन १४० लोगों की मौत**

**९० फीसदी उपयोगकर्ता किशोरावस्था में शुरू करते हैं तंबाकू सेवन**

एनएसएस के १० हजार स्वयंसेवक फैलाएंगे जागरुकता

'प्लेज फोर लाइफ : तंबाकू मुक्त युवा' अभियान का आगाज

**पत्रिका न्यूज़ नेटवर्क**

**बेंगलूरु.** कैंसर और तंबाकूजनित अन्य बीमारियों से प्रदेश में हर दिन 140 लोग की मौत होती है । युवा वर्ग की बात करें तो हर घंटे 12 बच्चे और किशोर प्रत्यक्ष

या अप्रत्यक्ष रूप से तंबाकू के संपर्क में आते हैं या इसका सेवन शुरू करते हैं । वैश्विक वयस्क तंबाकू सर्वेक्षण (जीएटीएस) 2017 के अनुसार कर्नाटक में 15 वर्ष से ऊपर की आयु के 3 में एक पुरुष और 10 महिलाओं में एक महिला किसी ना किसी रूप में तंबाकू का सेवन करते हैं, यह चिंतित करने वाला विषय है ।

तंबाकू सेवन के बढते खतरे को देखते हुए बेंगलुरु विश्वविद्यालय (बीयू) के राष्ट्रीय सेवा योजना (एनएसएस) ने बुधवार को नारायण हेल्थ सिटी और संबंध हेल्थ फाउंडेशन के सहयोग से तंबाकू नियंत्रण पर आयोजित कार्यशाला में 'प्लेज फोर लाइफ : तंबाकू मुक्त युवा अभियान' का आगाज किया गया ।

अभियान के तहत तंबाकू विरोधी गतिविधियां आयोजित होंगी । वाद-विवाद प्रतियोगिता, पोस्टर प्रतियोगिता, प्रतिज्ञा और रैलियों के माध्यम से विद्यार्थियों को जागरुक किया जाएगा । नारायण हेल्थ सिटी के कैंसर सर्जन और वोयस ओफ टोबैको विक्टिम्स के संरक्षक डो. विवेक शेट्टी ने कहा कि कर्नाटक में 1.03 करोड़ लोग तंबाकू का प्रयोग करते है । इनमें 90 फीसदी उपयोगकर्ता अपनी किशोरावस्था मैं तंबाकू का सेवन शुरू करने लगते हैं । विश्व स्तर पर 1.65 बच्चे पांच वर्ष की आयु से पहले दूसरों द्वारा धूम्रपान से उत्पन्न धुए से श्वसन संक्रमण के कारण मर जाते है । कम उम्र के लोगों में कैंसर होने का पता चल रहा है और इसका एक कारण तंबाकू उत्पादों का व्यापक सेवन है । तंबाकू सेवन की लत छोड़ने की दर बहुत कम है । इसलिए अधिक से अधिक प्रयास युवाओं में तंबाकू सेवन की दर कम करने की दिशा में होना चाहिए ।

बीयू के कुलपति प्रो.केआर वेणुगोपाल ने कहा कि बीयू के पास 140 एनएसएस इकाइयां हैं और सभी इकाइयों की सक्रिय भागीदारी से समाज में सकारात्मक सामाजिक व्यवहार परिवर्तन होगा । कार्यशाला के दौरान शिक्षकों और छात्रों ने तंबाकू विरोधी प्रतिज्ञा भी ली । **રાજસ્થાનપત્રિકા, બેંગલોર, તા.૧૯-૯-૧૯**

(2)**कोटपा कानून : संशोधन के बाद सिगरेट पीने और तंबाकू खाने वालों पर होगा सीधा असर**

**सिगरेट-तंबाकू पर सख्त कानून की तैयारी**

**पत्रिका न्यूज नेटवर्क**

**नई दिल्ली.** भारत में सिगरेट और दूसरे तंबाकू प्रोडक्ट को लेकर एक कानून बना है, जिसमें संशोधन के लिए सरकार ने एक ड्राफ्ट तैयार किया है । इसमें जल्द ही



बदलाव संभव है । दरअसल, सिगरेट और तंबाकू प्रोडक्ट की बिक्री और उसके सेवन को लेकर 2003 में एक कानून बनाया गया था । इस कानून का नाम हैं सिगरेट एंड अदर टौबेको प्रोडक्ट एक्ट, जिसे कोट्पा भी कहते है । इसके जरिए ही 18 साल से कम उम्रवाले व्यक्ति को तंबाकू न बेचना, स्कूल के आस-पास कोई भी तंबाकू की दुकान न होना जैसे नियम बनाए गए थे । इसमें सजा का प्रावधान भी है ।

**इस तरह होगा बदलाव**

18 से 21 हो जाएगी अब तंबाकू खरीदने की न्यूनतम उम्र

100 मीटर की दूरी पर स्कूलों के बाहर नहीं बेच सकेंगे

2003 में तंबाकू को लेकर बनाया गया था कोट्पा कानून

**यह कहता है कानून**

इस कानून में अलग-अलग सेक्शन के हिसाब से सार्वजनिक स्थान पर स्मोकिंग करने, तंबाकू उत्पाद के विज्ञापन, प्रमोशन करने, 18 साल से कम उम्र के बच्चों को तंबाकू उत्पाद बेचना, शैक्षणिक संस्थानों के चारों ओर 100 गज की परिधि में तंबाकू उत्पादों की बिक्री पर प्रतिबंध हैं ।

**यह है नया प्रस्ताव, ड्राफ्ट तैयार**

सरकार ने इस कानून में संशोधन करने के लिए एक ड्राफ्ट तैयार किया है । इसमें तंबाकू खरीदने की न्यूनतम उम्र को 18 से 21 किया है । ड्राफ्ट में खुली सिगरेट बेचने पर रोक लगाने का जिक्र भी है । अगर इस कानून में संशोधन हो जाता है तो स्कूलों के 100 मीटर की दूरी में तंबाकू नहीं बेचा जा सकेगा, जो दूरी अभी 100 यार्ड है । इसके अलावा ड्राफ्ट में होटल, पब, बार में बने स्मोकिंग जोन को हटाने का भी प्रस्ताव है । इसमें जुर्माने की रकम बढ़ाने की बात कही गई है ।

**पीएम मोदी से की अपील**

संशोधनों को लेकर इंडस्ट्री के लोगों का मानना है कि इससे उनकी कमाई पर असर पड़ेगा । फेडरेशन ओफ इंडिया ने प्रधानमंत्री नरेंद्र मोदी से अपील की है कि वे इस कानून में बदलाव नहीं करें । इससे उन लोगों की कमाई पर काफी असर पड़ेगा, जो सड़क किनारे तंबाकू, सिगरेट, बीडी, पान बेचकर अपना व्यापार कर रहे है ।

**राजस्थानपत्रिका ता.**9-01-2021**માંથી આભાર**

### (3) **वाइन बनाने के लिए होता है कंडोम का यूज, विवादित है ये तरीका**

पूरी दुनिया में शराब और सिगार के लिए मशहूर कैरिबियन देश में ऐसा एक्सपेरिमेंट किया जाता है जिसे जानकर आपके होश उड़ जाएंगे. आपको बता दें कि यहां कंडोम से शराब तैयार की जाती है. सुनने में बेहद अजीब लगे पर ये सच है.

**क्यों करते हैं ऐसा... ?**

आपको बता दें कि इस बेहद अजीब और विवादित तरीके से क्यूबा का एक परिवार वाइन तैयार करता है. रिपोर्ट्स के मुताबिक 65 साल के ओरेटस एस्टेवेज काफी समय से शराब बना रहे हैं. इसके लिए वो अंगूर, अमरुद, अदरक, जवाकुसुम के साथ-साथ कंडोम का इस्तेमाल करते हैं.

उन्होंने बताया कि फ्रूट मिक्स को फरमेंट किया जाता है, इसके साथ ही अलग-अलग फ्लेवर के कंडोम से इन्हें कवर किया जाता है. फरमेंटेशन के दौरान गैस बनती है और कंडोम में मौजूद फ्लेवर भी इसमें मिल जाता है. जब कंडोम फूलना बंद हो जाए तो समझा जाता है कि शराब तैयार हो गई.

**पूरा परिवार लगा बिजनेस में**

ओरेटस ने बताया कि मिलिट्री की नौकरी के बाद उन्होंने वाइन का कारोबार शुरू किया था. इस बिजनेस में उनकी पत्नी, उनका बेटा और असिस्टेंट उनकी मदद करते है. उन्होंने बताया कि उनके शराब को लोग काफी पसंद कर रहे हैं. इतना ही नहीं घरों और रेस्टोरेंट में इनकी शराब की काफी डिमांड भी है. ओरेटस की मानें तो करीब 50 बोतल हर दिन बेचते हैं.

**विवादों के घेरे में ये तरीका**

लोगों को भले ही ओरेटस परिवार की कंडोम वाइन पसंद आती है पर कई सोशल एक्टिविस्ट इसका विरोध कर चुके हैं. इनके मुताबिक इस तरह का काम कर ये परिवार गलत संदेश दे रहा है. वहीं कुछ लोगों का कहना है कि वाइन में फ्लेवर के लिए वे एसेंस का भी इस्तेमाल कर सकते है ।

**आज का आनंद ता.9-01-2021 માંથી આભાર**

ધ



## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

- સંકલન

પૂજ્યપાદ આગમ - શિલ્પ - વિધિવિધાનવિશારદ, ગુરુકૃપાપાત્ર આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ શ્રમણ - શ્રમણી ભગવંતો ચાતુર્માસબાદ શ્રીશાંતિનાથ જિનાલયની ૯ મી સાલગીરા પ્રસંગે નિશ્રાપ્રદાનની શ્રીસંઘની આગ્રહ વિનંતિથી મૈસૂરમાં રોકાયા. આદેશ્વરવાટિકામાં ત્યાંના આદિનાથ જૈનસંઘના આગ્રહથી ૨૦ દિવસની સ્થિરતામાં એક વિશિષ્ટ માહોલ ઊભો કરી, કેંકનાં હૈયાંમાં પ્રવચન - પ્રશ્નોત્તરીનાં માધ્યમથી શાસન - શાસ્ત્રાજ્ઞાની સ્થાપના કરી, માગ.સુ.૫ તા.૧૯-૧૨-૨૦૨૦ શનિવારે વિહાર કરી પરત મહાવીરભવન પધાર્યા. આદેશ્વરવાટિકાથી ઘણાં શ્રાવક - શ્રાવિકા વળાવવા - મૂકવા પધાર્યા હતા. ઘણાંની આંખો અશ્રુભીની હતી. વધુ રોકાવા - ફરી ફરી પધારવાની વિનંતિ હોવા છતાં સાલગીરા તથા આગામી વિહારાદિ કાર્યક્રમના યોગે 'ભવિષ્યમાં ક્ષેત્ર સ્પર્શના' હશે તો તમારી વિનંતિને ખાસ ધ્યાનમાં રાખવાની વાત કરી પૂજ્યશ્રીએ આશ્વાસન આપ્યું. પાર્શ્વવાટિકાના રહીશોની થોડા દિવસ રોકાવા તથા પ્રવચનશ્રવણ કરાવવાની વિનંતિ હોવા છતાં સમયાભાવે લાભ આપી શકાયો નહીં.

માગ.સુ.૬ તા.૨૦-૧૨-૨૦૨૦ રવિવારે ધ્વજારોપણ પર્વ પ્રસંગે પૂજ્યશ્રી શાંતિનાથ જિનાલય પધાર્યા. ત્યાં સત્તરભેદી પૂજા ભણાવાઈ. ધ્વજપૂજા બાદ ૧૦ દિક્પાલને બાકળાદિ વિધાન પૂર્વક, ૐ પુણ્યાહં પુણ્યાહં.... ના મધુર - બુલંદ ઘોષ સાથે ધ્વજારોહણ થયું. ત્રણે શિખર પર કાયમી લાભાર્થીઓએ ધ્વજા ચઢાવી. કોરોના મહામારીના નિયમોને કારણે સાધર્મિકવાત્સલ્ય સંભવિત ન થતાં મુખ્ય ધ્વજાના કાયમી લાભાર્થી ભંવરીબેન અમૃતલાલજી રેમન્ડવાળા તરફથી લાડુની પ્રભાવના આપવામાં આવી હતી.

માગ.સુ.૭ સોમવારે અગ્રહાર - દાદાવાડી - વાસુપૂજ્ય જિનાલયે દર્શન કરવા પધાર્યા. ત્યાંના જિનાલયમાં કેટલાંક સૂચનો કરી વળતાં વાજતે - ગાજતે શ્રીમતી મણીબેન હંજારીમલજી હ.જયંતીભાઈ - હિતેશભાઈ પાડીવવાળા પરિવાર (રેઈનબો કલેક્શન) ના ગૃહાંગણે ચતુર્વિધ સંઘની પધરામણી થઈ. માંગલિક પ્રવચન પૂર્વક રૂ.૫૦ ની પ્રભાવના કરાઈ.

માગ.સુ.૮ મંગળવારે અશોકભાઈ ચોપડાના નિવાસસ્થાને પધાર્યા. માગ.સુ.૯ બુધવારે વિનંતિપૂર્વક પાંજરાપોળ પધાર્યા. પાંજરાપોળની જગ્યા લગભગ ૯૦-૯૫ વર્ષે પૂર્વે મૈસૂરના મહારાજા કૃષ્ણરાજસિંહ વડિયારે ભેટ આપી

હતી. હાલ ૪૦૦૦ ઉપર મૂક પ્રાણીઓ ત્યાં આશ્રય લે છે. કતલખાને જતાં ઘણા જીવોને બચાવી અહીં રાખવામાં આવે છે. ત્યાં માંગલિક શ્રવણ કરાવ્યું. યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

માગ.સુ.૧૦ ગુરુવારે સવારે વિહાર કર્યો. મહાવીર ભવનમાં સેંકડો ભાવિકો હાજર થઈ ગયા હતા. શ્રીસુમતિનાથ જિનાલયે દર્શન - ચૈત્ય - વંદન કરી, વિહાર કરી મહાવીર જિનાલય પધાર્યા. વિહારગ્રુપ ઉપરાંત સંઘનાં ઘણાં ભાઈ-બેનો મહાવીર જિનાલય સુધી સાથે આવ્યાં હતાં, ત્યાંની સંસ્થા (ટ્રસ્ટ) તરફથી સૌને નવકારથી કરાવાઈ હતી.

ત્યાંથી શ્રીરંગપટ્ટનમ્ વગેરે થઈ માગ.સુ.પ્રથમ ૧૪ ના સોમવારે વાજતે - ગાજતે - સામૈયાપૂર્વક મંડ્યા ગામમાં પધાર્યા. ૧૦ થી ૧૧ પ્રવચન થયેલ. મહિનો માસ રોકાવા માટે આગ્રહ હોવા છતાં આગામી કાર્યક્રમના કારણે બીજે દિ' સવારે વિહાર કર્યો. હલેબુદનુર - ગજલકેરે થઈ પૂનમે મદ્દુર પધાર્યા. ત્યાંથી નાકોડા ફાર્મ હાઉસ પધાર્યા.

માગ.વ.૨ તા.૧-૧-૨૦૨૧ ના સવારે ચનપટ્ટના જતાં રસ્તામાં એક દુર્ઘટના બની. વિહારગ્રુપવાળા ભાઈઓ વગેરે સૌ સાથે જ હતા. સ્વીફ્ટ કારવાળાએ મૂળરોડથી ડાઈવર્ઝનમાં આવતાં સ્ટેરીંગનો કાબૂ ગુમાવ્યો. ફૂલ સ્પીડમાં આવતી તે કાર પહેલાં તો રોડનું કામ ચાલતું હતું તેના માટીના ઢગલા ઉપર ચઢાવી... ત્યાંથી ટર્ન લેતાં સીધા પૂ.સાધ્વીજી શ્રી પદ્મનંદિતાશ્રીજીમને ટક્કર લગાવી એક ઈલેક્ટ્રીકના થાંભલા સાથે અથડાઈ. સાધ્વીજી મહારાજ રોડની સાઈડમાં માટીની કેડીમાં ચાલતાં હતાં, તે ગાડીની ટક્કરથી નજીકતા ખાડામાં પડ્યાં. ગાડી જો ન અટકી હોત તો સાધ્વીજી મ.ની ઉપર ચઢી ગઈ હોત. પુણ્યોદયે બચી ગયાં. એક મોટી ઘાત ટળી. ડાબા પગની ઈજા વધારે હોવાથી ઊભા ન થઈ શક્યાં. નજીકના બહેનોએ ઊભાં કર્યાં. ન ચાલી શકવાથી વ્હીલચેરમાં ચનપટ્ટના લાવવામાં આવ્યાં. X-RAY લેતાં ખ્યાલ આવ્યો કે - ઢીંચણની નીચે ફેક્ચર છે. બેંગલોર સમાચાર આપતાં દિનેશભાઈ - સંજયભાઈ કોઠારી - ભરતભાઈ વગેરે આવી ગયાં.... બેંગલોર લઈ જવાનો નિર્ણય લેવાયો. સીધા મહાવીર હોસ્પિટલમાં એડમિટ કર્યા. બીજે દિવસે ઓપરેશન કરી પ્લેટ બેસાડી. રજા આપ્યા બાદ બસવેશ્વરનગર ઉપાશ્રયમાં લાવવામાં આવ્યાં છે. ડૉ.ની સૂચના મુજબ હવે આગળનો પ્રોગ્રામ નક્કી થશે.

પોષદશમીની આરાધના અહીંના સંઘમાં (જેની વિનંતિ પહેલેથી સ્વીકારેલી હતી) થઈ.



માગસર વ.૮ તા.૬-૧-૨૦૨૧ બુધવારે પૂ.આ.ભ.શ્રી વિહાર કરી બેંગલોર પધાર્યા. સામૈયા સાથે બસવેશ્વરનગરમાં પ્રવેશ થયો. પ્રવચનમાં પોષ દશમીની પ્રેરણા કરી. આરાધકોના ભાવોમાં ઉછાળો આવ્યો. અઠ્ઠમ, એકાસણાંદિમાં વધારો થયો. સાકરનાં પાણી - ખીર - ભરે ભાણેઃ એમ ત્રણ અને ચાલુ ત્રણ એકાસણાં સંઘમાં સામુદાયિક કરાવાયાં. એના લાભાર્થી પણ મળી ગયા. અઠ્ઠમવાળાનાં પારણાં પણ કરાવાયાં.

એકાસણાં તથા પારણાંના લાભાર્થીમાં ૧.શ્રીમતી જીવીબેન કાલિદાસ નગરિયા ૨.સૌ ચંદ્રાબેન પ્રકાશચંદ્રજી ૩.શ્રીમતી મોતીબેન ઝવેરચંદ ગલૈયા ૪.સૌ. ઊર્મિલાબેન નવિનભાઈ શાહ હતાં.

સામુદાયિક પ્રભાવનામાં સાકરપાણી - ખીરનાં એકરસણાંવાળાને રૂ.૩૦૦, ચાલુ એકાસણાંવાળાને રૂ.૨૦૦ અને અઠ્ઠમવાળાને રૂ.૫૦૦ તથા પૂજા માટેની ચાંદીની વાટકીની પ્રભાવના કરાઈ.

રોજ પ્રવચનમાં પ્રભાવના અપાતી હતી. પૂજ્યશ્રીના પ્રવેશને દિવસે અમરસિંહ રસોઈયા તરફથી બુંદીના લાડુની, ગંગાબેન કેશવજી કરણિયા તરફથી આખી બદામની તથા ખીલનાબેન અનિલભાઈ તરફથી રૂ.૨ ની પ્રભાવના અપાઈ. પોષ દશમીના ત્રણ દિવસમાં પહેલે દિવસે જીવીબેન કાલીદાસ નગરિયા પરિવાર તરફથી રૂ.૧૦ ની, બીજા દિવસે રાજેશભાઈ બાબુલાલ બાગરેચા તરફથી રૂ.૫, પૂ.આ.શ્રી પદ્મનંદિતાશ્રીજી મ.નાં સંસારી બેનો તરફથી રૂ.૫, પુષ્પાબેન સોભાગચંદ હરણિયા તરફથી રૂ.૫, ઊર્મિલાબેન નવિનચંદ્ર શાહ તરફથી રૂ.૫ ની પ્રભાવના અપાઈ. જ્યારે ત્રીજા દિવસે જિતેન્દ્રભાઈ રમણલાલ શાહ બોરસદવાળા USA તરફથી રૂ.૫, પ્રેમચંદ કાલીદાસ નગરિયા તરફથી રૂ.૫, પૂજા પાર્શ્વ ચંદરિયા (જર્મની) તરફથી રૂ.૫ અને પુષ્પાબેન ભરતભાઈ સંઘવી તરફથી રૂ.૧૦ ની પ્રભાવના અપાઈ હતી.

ત્યારબાદ રોજ પ્રભાવના ચાલુ જ છે. માગસર વ.૧૨ સંતોષબેન પદમશી ગુઢકા તરફથી રૂ.૧૦, માગ.વ.૧૩ ફેયા હિતેનભાઈ ગુઢડા તરફથી રૂ.૫, વ.૧૪ ના દિવસેપ્રિયા કેવલ સુમરિયા તરફથી રૂ.૫, વ.0)) ના દિવસે શિવકુમાર ગુપ્તા તરફથી રૂ. પાંચની પ્રભાવના થઈ હતી.

પોષ સુ.૧ શ્રીમતી સરલાબેન હસમુખભાઈ દોઢિયા તરફથી રૂ. પાંચ, સુ.૨ના શ્રીમતી રતનબેન વેલજી જામરિયા તરફથી રૂ. પાંચની પ્રભાવના અપાઈ હતી.

(ક્રમશઃ) ધ

# તે પરમબંધુ છે

**भवगिहमज्झंमि**

**पमायजलणजलिअंमि मोहनिद्दाए ।**

**उट्ठवइ जो सुअन्तं,**

**तो तस्स जणो परमबंधू ।।**

પ્રમાદના અગ્નિથી ભડકે બળતા સંસારગૃહમાં મોહની નિદ્રામાં પોઢેલા જીવને જે ઉઠાડે છે, જગાડે છે; તે તેનો શ્રેષ્ઠબંધુ છે, ભાઈ થકી અધિક છે.મતલબ, એનાથી ચઢિયાતો કોઈ ભાઈ દુનિયામાં નથી.